Seat No.: 6 3 8 8 4 1 2

Sl. No. : 266839

# 022(G)

**(February, 2026)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ અને કુલ 63 પ્રશ્નો છે.
2) જવાબ આપતાં પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ જવાબ આપો.
3) વિભાગની સામે કૌંસમાં લખેલા અંક ગુણ દર્શાવે છે.
4) નવો વિભાગ નવા પાના પરથી જ લખવો.
5) વિભાગ C, D અને E માં જનરલ વિકલ્પ આપવામાં આવ્યા છે.
6) પ્રશ્ન ક્રમાંક 63 (B) માત્ર દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જ છે. જેમા દષ્ટિહીન વિદ્યાર્થીઓએ માત્ર વિશ્લેષણ કરવું.

## વિભાગ - A

■ અનુક્રમ 1 થી 20 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે. **[20]**

1) આર્થિક માહિતી અંગેની ડેટા CD કોણ તૈયાર કરે છે ?

(A) ખાનગી પ્રકાશકો

(B) શાળાઓ

(C) પ્રયોગશાળાઓ, સંશોધન કેન્દ્રો, સરકાર વગેરે

(D) સામાન્ય વ્યક્તિઓ

2) નીચેનામાંથી કયો આકૃતિનો એક પ્રકાર છે ?

(A) ચિત્રાકૃતિ

(B) સ્તંભાલેખ

(C) આવૃત્તિ બહુકોણ

(D) આવૃત્તિવક્ર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3) વિકાસ એક બહુપરિમાણીય પ્રક્રિયા છે. આ વિધાન કોણે રજૂ કર્યું છે ?

(A) ટોડેરો (B) કિન્ડલ બર્જર

(C) માર્શલ (D) મેચલપ

4) 2014 માં માનવવિકાસ આંક ની દ્રષ્ટિ એ વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવનાર દેશ હતો ?

(A) જાપાન

(B) નોર્વે

(C) અમેરિકા

(D) ભારત

5) સરકારે કાયદા દ્વારા વધતા ભાવો ને અટકાવ્યા હોય તો તેવો ભાવવધારો કયા પ્રકારનો ફુગાવો છે ?

(A) ખુલ્લો ફુગાવો

(B) દોડતો ફુગાવો

(C) દાબેલો ફુગાવો

(D) છૂપો ફુગાવો

6) ભારતની સર્વોચ્ચ બેન્કનું નામ શું છે ?

(A) UBI

(B) PNB

(C) SBI

(D) RBI

7) ટૂંકાગાળાનું ધિરાણ સૈદ્ધાંતિક રીતે કેટલા સમયગાળા માટેનું હોય છે ?

(A) 1 વર્ષ સુધીનું (B) 1 થી 3 વર્ષ સુધીનું

(C) 1 થી 5 વર્ષ સુધીનું (D) 5 થી 15 વર્ષ સુધીનું

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

8) વર્ષ 2013 માં ભારતમાં સૌથી ઓછી ગરીબી કયા રાજ્યમાં જોવા મળી હતી ?

(A) બિહાર (B) ગુજરાત

(C) રાજસ્થાન (D) ગોવા

9) પ્રધાનમંત્રી આવાસ યોજનાની શરૂઆત ક્યા વર્ષમાં કરવામાં આવી હતી ?

(A) 2013

(B) 2014

(C) 2015

(D) 2016

10) કયા પ્રકારની ઉત્પાદન પદ્ધતિ બેરોજગારીમાં વધારો કરે છે ?

(A) શિક્ષણપ્રધાન

(B) મૂડીપ્રધાન

(C) ખેતપ્રધાન

(D) શ્રમપ્રધાન

11) કયા પ્રકારની બેરોજગારીમાં શ્રમિકની સીમાંત ઉત્પાદકતા શૂન્ય હોય છે ?

(A) ચક્રિય

(B) ઘર્ષણજન્ય

(C) મોસમી

(D) પ્રચ્છન્ન

12) ઈ.સ. 2011 થી 2025 નાં વર્ષ સુધીમાં ભારતની વસ્તી કેટલા કરોડ થવાનો અંદાજ છે ?

(A) 155 કરોડ

(B) 130 કરોડ

(C) 139.98 કરોડ

(D) 180 કરોડ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

13) ભારતના કયા રાજ્યમાં દર 1,000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ વધારે છે ?

(A) કેરલ

(B) મહારાષ્ટ્ર

(C) ગુજરાત

(D) ઉત્તરપ્રદેશ

14) ભારતમાં જંતુનાશક દવાઓનો પ્રતિ હેક્ટર વપરાશ કેટલો છે ?

(A) 7 કિ.ગ્રા.

(B) 2.5 કિ.ગ્રા.

(C) 0.5 કિ.ગ્રા.

(D) 6.6 કિ.ગ્રા.

15) આજ ના સમયમાં વિદેશવેપારમાં કયું સાધન વધુ ગતિશીલ બન્યું છે ?

(A) જમીન

(B) મૂડી

(C) શ્રમ

(D) નિયોજનશક્તિ

16) ભારતના વેપારના પરંપરાગત ભાગીદાર દેશોમાં કયા દેશોનો સમાવેશ કરી શકાય ?

(A) ઇંગ્લન્ડ અને રશિયા

(B) જાપાન અને ચીન

(C) મધ્ય એશિયાના દેશો

(D) ઑસ્ટ્રેલિયા

17) ભારતની રાષ્ટ્રીય આવકમાં ઉદ્યોગોનો ફાળો વર્ષ 2013-14 મુજબ કેટલો હતો ?

(A) 16.6%

(B) 27%

(C) 40%

(D) 60%

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

18) નીચેનામાંથી કયો ઉદ્યોગ સહકારી ક્ષેત્રનું ઉદાહરણ છે ?

(A) LIC

(B) ONGC

(C) BHEL

(D) IFFCO

19) આકર્ષણ સ્થળાંતરની અસરો કેવા પ્રકારની હોય છે ?

(A) નકારાત્મક

(B) હકારાત્મક

(C) શૂન્ય

(D) સાપેક્ષ

20) ખાદ્ય જંગલ મોડલની રચના કોણે કરી ?

(A) ડૉ. કુરિયન

(B) ડૉ. સ્વામીનાથન

(C) ડૉ. સુભાષ પાલેકર

(D) ડૉ. એમ.એસ. રંગરાજન

## વિભાગ - B

■ **પ્રશ્નક્રમ 21 થી 30 પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં આપો.** [10]

**દરેક પ્રશ્નનો 1 ગુણ છે.**

21) વૃત્તાંશ શોધવાનું સૂત્ર લખો.

22) બાળમૃત્યુદર એટલે શું ?

23) RTGS નું પુરું નામ આપો.

24) સાપેક્ષ ગરીબીનો અર્થ લખો.

25) તેંડુલકર સમિતિની ભલામણો મુજબ વર્ષ 2011-12 માટે ગ્રામીણ ક્ષેત્રોની ગરીબી રેખા નક્કી કરવા કેટલા રૂપિયા નક્કી કર્યા છે ?

26) ભારતમાં આયોજનનો આરંભ કઈ સાલમાં થયો ?

27) રોકડિયા પાકના કોઈપણ બે ઉદાહરણ આપો.

P.T.O.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

28) સમતોલ લેણ-દેણની તુલા એટલે શું ?

29) વિશ્વમાં ઓસ્ટ્રેલિયા કયા પ્રકારના દેશ તરીકે ઓળખાય છે ?

30) પાક સંરક્ષણ એટલે શું ?

## વિભાગ - C

■ **નીચે આપેલા 31 થી 46 સુધીના 16 પ્રશ્નોમાંથી કોઈ પણ 12 પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** [24]

31) ઈન્ટરનેટના ઉપયોગના ભયસ્થાનો જણાવો.

32) આલેખ એટલે શું ? અને તે શા માટે દોરવામાં આવે છે ?

33) રાષ્ટ્રીય આવકના નિર્દેશકની કોઈ પણ બે મર્યાદા ટૂંકમાં સમજાવો.

34) વૃદ્ધિ અને વિકાસમાંથી કોને માપવામાં મુશ્કેલી પડે છે ? શા માટે ?

35) ફુગાવાના લક્ષણો જણાવો.

36) નાણાંના મૂલ્યસંગ્રહના કાર્યની ચર્ચા કરો.

37) રેપોરેટ અને રિવર્સ રેપોરેટ નો અર્થ આપો.

38) R.B.I. ની નાણાંકીય નીતિના ગુણાત્મક સાધનોના માત્ર નામ જણાવો.

39) ભારતમાં નિરપેક્ષ ગરીબીનું પ્રમાણ કેટલું છે ?

40) ઘર્ષણજન્ય બેરોજગારીનો અર્થ અને ઉદાહરણ આપો.

41) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ક્યારે અને કયા ઉદ્દેશથી શરૂ કરવામાં આવી ?

42) ભારતમાં બેરોજગારીની સમસ્યા માટે બચત અને મૂડીરોકાણનો નીચો દર જવાબદાર છે. ટૂંકમાં સમજાવો.

43) નાના પાયાના ઉદ્યોગનો અર્થ ઉદાહરણ સહિત સમજાવો.

44) આંતરિક સ્થળાંતરનો અર્થ અને ઉદાહરણ આપો.

45) ખાદ્ય જંગલમાં સલાદ માટે કયા-કયા શાકભાજી ઉગાડાય છે ?

46) સૂંઠાસ્ત્ર બનાવવાની રીત સમજાવો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિભાગ - D

■ નીચે આપેલા 47 થી 56 સુધીના 10 પ્રશ્નોમાંથી કોઈપણ 07 પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે. [21]

47) આકૃતિ અને આલેખ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

48) આર્થિક વિકાસના નિર્દેશક તરીકે માથાદીઠ આવકનો વૃદ્ધિદર સમજાવો.

49) જીવનની ભૌતિક ગુણવત્તાના આંકની મર્યાદાઓ ટૂંકમાં સમજાવો.

50) ગરીબી ઘટાડવાના કોઈ પણ ત્રણ ઉપાયોની ચર્ચા કરો.

51) ખામીયુક્ત શિક્ષણ પદ્ધતિ બેરોજગારી માટે જવાબદાર છે, સમજાવો.

52) નીચા મૃત્યુદરના કારણો સમજાવો.

53) ખેત ઉત્પાદકતા વધારવા માટેના કોઈ પણ ત્રણ સંસ્થાકીય સુધારાઓ સમજાવો.

54) આંતરિક વેપાર અને વિદેશ વેપાર વચ્ચેનો તફાવત આપો.

55) લેણ-દેણની તુલાનો અર્થ આપી લેણ-દેણની તુલાના ખાતાઓ સમજાવો.

56) વિશિષ્ટ આર્થિક વિસ્તાર (SEZ) સમજાવો.

## વિભાગ - E

■ નીચે આપેલા 57 થી 63 સુધીના 07 પ્રશ્નોમાંથી કોઈપણ 05 પ્રશ્નોના ઉત્તર વિસ્તારપૂર્વક આપો. દરેક પ્રશ્નના 5 ગુણ છે. [25]

57) સાટાપ્રથાનો અર્થ આપી સાટાપ્રથાની મર્યાદાઓ સમજાવો.

58) ગરીબીના કોઈપણ પાંચ નિર્દેશકોની ચર્ચા કરો.

59) વસ્તી નિયંત્રણના ઉપાયોની વિગતવાર સમજૂતી આપો.

60) ભારતમાં કૃષિની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરો.

61) શહેરીકરણની નકારાત્મક અસરો સમજાવો.

62) સ્થળાંતરના કારણોની સમજૂતી આપો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

63) (A) **આ પ્રશ્ન સામાન્ય વિદ્યાર્થીઓ માટે છે.**

નીચે આપેલી આંકડાકીયમાહિતીને સાદી સ્તંભ-આકૃતિમાં રજૂ કરી તેનું વિશ્લેષણ કરો.

| વર્ષ | 1971 | 1981 | 1991 | 2001 | 2011 |
|---|---|---|---|---|---|
| ભારતમાં વસ્તીનું કદ (કરોડમાં) | 54.8 | 68.3 | 84.6 | 120.7 | 121.02 |

63) (B) **નીચેનો પ્રશ્ન દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે છે.**

દષ્ટિહીન વિદ્યાર્થીઓએ 63 (A) માં પૂછેલા કોષ્ટક મુજબના પ્રશ્નનું માત્ર વિશ્લેષણ કરવાનું છે.

◆◆◆

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in